GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# ડિજિટલ મીડિયાનો શિક્ષણ અને સાહિત્ય પર પ્રભાવ

**ડૉ. નિલેશકુમાર મકવાણા**

આસિ. પ્રોફેસર

સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, બાવળા.

મો. 9924385003 ઈમેલ-ndmakwna31@gamil.com

**સારાંશ (Abstract)**

આ લેખમાં ડિજિટલ મીડિયાના શિક્ષણ અને સાહિત્ય ઉપર થયેલા વ્યાપક પ્રભાવનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આજના યુગમાં ઈન્ટરનેટ, સ્માર્ટફોન, સોશિયલ મીડિયા અને વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ્સ શિક્ષણને નવા આયામ આપે છે. પરંપરાગત શિક્ષણ પદ્ધતિ સાથે –સાથે ઈ–લાઈબ્રેરી, ઑનલાઇન કોર્સિસ, MOOCs, સ્માર્ટ–ક્લાસરૂમ, મોબાઇલ એપ્લિકેશન્સ દ્વારા જ્ઞાન સરળતાથી ઉપલબ્ધ બન્યું છે. બીજી તરફ સાહિત્યના ક્ષેત્રમાં પણ ડિજિટલ મીડિયા દ્વારા સર્જન, પ્રકાશન અને પ્રસારના નવા માર્ગો ખુલ્યા છે. ઈ–બુક્સ, બ્લોગ્સ, સોશ્યલ મીડિયા, ઑનલાઇન મેગેઝિન, માઈક્રો–લિટરેચર અને મલ્ટીમીડિયા સાહિત્ય જેવા નવા સ્વરૂપો લોકપ્રિય બન્યા છે. ગુજરાતી સાહિત્ય પણ ડિજિટલ યુગના આ પ્રભાવથી પાછળ નથી; અનેક યુવા લેખકો સોશિયલ મીડિયા તથા ઈ–પ્લેટફોર્મ દ્વારા નવા પ્રયોગો કરી રહ્યા છે. હાલાકી, ડિજિટલ મીડિયાના ઉપયોગમાં ગુણવત્તાનો અભાવ, ઉપરી પઠન અને ઉઠાંતરી જેવી સમસ્યાઓ પણ જોવા મળે છે. સંક્ષેપમાં, જો ડિજિટલ મીડિયાનો યોગ્ય અને સર્જનાત્મક ઉપયોગ કરવામાં આવે તો તે શિક્ષણ અને સાહિત્યના વિકાસ માટે અત્યંત લાભદાયી સાબિત થઈ શકે છે.

**ચાવીરૂપ શબ્દો (Key words):** ડિજિટલ મીડિયા, શિક્ષણ, ઈ–લાઈબ્રેરી, MOOCs, ઑનલાઇન અભ્યાસ, સોશિયલ મીડિયા, સાહિત્ય સર્જન, ઈ–બુક, મલ્ટીમીડિયા સાહિત્ય, માઈક્રો લિટરેચર, ગુજરાતી સાહિત્ય, યુવા લેખકો.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**ભૂમિકા:**

માનવજીવનની ઉત્ક્રાંતિ એ સમગ્ર પૃથ્વી માટે એક ચમત્કારિક ઘટના છે. કાળક્રમે મનુષ્ય જાતિએ યુગે–યુગે વિકાસના અનેક ઉચ્ચ શિખરો સર કરી, માનવજીવના દરેક ક્ષેત્રે પ્રગતિ કરી છે.માનવજાતિનો શારીરિક, બૌદ્ધિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ જૈવિક પરિવર્તન પ્રક્રિયાથી થયો છે. આદિમાનવથી લઈને આધુનિક માનવીની આ વણથંભી વિકાસયાત્રા નિરંતર ચાલતી રહી છે. એની વિકાસગાથામાં અનેક ક્રાંતિકારી યુગો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પાષાણયુગ, ઔદ્યોગિકયુગ, યંત્રયુગ, વિજ્ઞાન અને ટેકનૉલોજિનો યુગ અને સાંપ્રત સમય એ ડિજિટલ મીડિયા એટલે કે, ઇન્ટરનેટ, કમ્પ્યુટર, મોબાઈલનો યુગ છે. તેણે તો માનવજીવનની દશા અને દિશામાં આમૂલ પરિવર્તન લાવી દીધું છે.આ ડિજિટલ મીડિયાના યુગે સમગ્ર વિશ્વને બાનમાં લીધું છે. માનવજીવનનું એક પણ ક્ષેત્ર એવું નથી કે, જે ડિજિટલ મીડિયાના પ્રભાવમાં ના આવ્યું હોય.વિશ્વનો દરેક વ્યક્તિ ડિજિટલ મીડિયા સાથે કોઈને કોઈ રીતે જોડાઈને પોતાના જીવનને સમૃધ્ધ કરી રહ્યો છે. ડિજિટલ મીડિયા આજના યુગમાં માત્ર માહિતી કે મનોરંજન પૂરતું સીમિત નથી, પરંતુ માનવજીવનના દરેક ક્ષેત્રે – શિક્ષણ, સમાજ,રાજકારણ ,અર્થતંત્ર, સાહિત્ય અને સંસ્કૃતિમાં ખૂબ જ અગત્યનું સ્થાન ધરાવે છે. તે માનવજાતને વૈશ્વિક ગામ (GOOBAL VILLAGE)માં પરિવર્તન કરી રહ્યું છે. અને એટલે જ ડિજિટલ મીડિયાનું મૂલ્ય– મહત્ત્વ સ્વયંમ સ્પષ્ટ છે. આ ડિજિટલ મીડિયાના શિક્ષણ અને સાહિત્ય પરના પ્રભાવ અંગે સંશોધનાત્મક અભ્યાસ પ્રસ્તુત કરવાનો ઉપક્રમ છે.

**ડિજિટલ યુગનો શિક્ષણ ઉપર પ્રભાવ:**

આપણે સૌ જાણીએ છીએ કે, આ સૃષ્ટિના દરેક મનુષ્ય માટે જ્ઞાન, વિદ્યા અને શિક્ષણ કેટલું અણમોલ છે. એટલે પ્રાચીન સમયથી આ શિક્ષણ મેળવવા માટેની ચોક્કસ વ્યવસ્થાઓ સમાજે ઊભી કરી હતી. જેમકે પ્રાચીન સમયમાં વિદ્યાઅભ્યાસ માટે ગુરુકુળોમાં ઋષિમુનિઓ આ કાર્ય કરતાં હતાં. ત્યારબાદ વિશ્વ પ્રસિદ્ધ નાલંદા, તક્ષશિલા, વિક્રમશીલા, વલ્લભી વગેરે જેવી વિદ્યાપીઠોની સ્થાપના કરી, અધ્યયન– અધ્યાપન કરવવામાં આવતું હતું, ત્યારબાદ સમય બદલાતા શિક્ષકો અને અધ્યપકો દ્વારા

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

શાળા, કોલેજ અને યુનિવર્સિટીઓ શિક્ષણ પ્રક્રિયા પ્રચલિત બની,અને આ પરંપરાગત શિક્ષણ સમાજમાં ત્રિમુખી શિક્ષણપ્રણાલી જેમાં વિદ્યાર્થી,શિક્ષક અને શાળા કેન્દ્રમાં હતા. પરંતુ આજના સાંપ્રત જ્ઞાનયુગમાં ડિજિટલ મીડિયા એ શિક્ષણવ્યવસ્થાનું અભિન્ન અંગ બની ગયું છે. પરંપરાગત વર્ગખંડનું શિક્ષણ હવે સ્માર્ટક્લાસ, ઓનલાઈન લર્નિંગ, ઓનલાઈન પ્લેટફોર્મ (youtube, google scholar, coursera, swayam) અને ઈ- લાઈબ્રેરી દ્વારા પરિવર્તિત થઈ રહ્યું છે. વિદ્યાર્થીઓ જ્ઞાન માત્ર પુસ્તકોમાંથી નહીં, પરંતુ વિઝ્યુઅલ,ઓડિયો-વિડીયો, ઓનલાઈન ક્વિઝ, પોલ્સ, MOOC કોર્સ, ઇન્ટરેક્ટિવ પ્લેટફોર્મ દ્વારા ગ્રહણ કરી શકે છે. ડિજિટલ મીડિયા એ અખૂટ જ્ઞાનનો ભંડાર બનીને ઊભરી આવ્યું છે. જે ગમે તે સમયે, ગમે તે સ્થાને અને ઝડપી શિક્ષણ મેળવવાનું સૌને અનુકૂળ માધ્યમ બની રહ્યું છે. જેની અનિવાર્યતા નકારી શકાય તેમ નથી. આજની દુનિયામાં સ્માર્ટફોન, ટેબલેટ અને ઇન્ટરનેટ સહિતની ડિજિટલ ટેક્નોલોજી શિક્ષણને ખૂબ પ્રભાવિત કરી રહી છે. શૈક્ષણિક એપ્લિકેશન્સ અને ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા વિદ્યાર્થીઓ કોઈપણ સમયે અભ્યાસ કરી શકે છે. ઉદાહરણ માટે, મોબાઈલ એપ્લિકેશનો વિદ્યાર્થીઓને શૈક્ષણિક સ્ત્રોતો સુધી તરત એક્સેસ આપે છે, ઓનલાઇન ક્લાસમાં જોડાવાની સુવિધા આપે છે અને શિક્ષકો અને સાથી વિદ્યાર્થીઓ સાથે સંવાદ વધારી શકે છે આથી શીખવાની દક્ષતા અને રસ બંનેમાં વધારો થાય છે. ઇન્ટરનેટના માધ્યમથી વિવિધ સ્તરાવાળી શૈક્ષણિક સામગ્રી (જેમ કે ઑનલાઇન પાઠ્યક્રમ, વીડિયો સત્રો, ગેમિફાઇડ રમત-ગમત) સરળતાથી મેળવી અને વહેંચી શકાય છે. એના કારણે વિદ્યાર્થીઓ વધુ સક્રિય બનીને પડકારજનક પરિસ્થિતિમાં પણ સારી રીતે શીખે છે. પરંપરાગત લેકચર પદ્ધતિ સાથે મલ્ટીમીડિયા, એનિમેશન, પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનથી ઉત્તમ અને રસ-રુચિ કેળવાય તે રીતે શિક્ષણ આપવામાં આવે છે.આ ઉપરાંત વ્યક્તિગત શિક્ષણ: ટેક્નોલોજી દ્વારા સામગ્રી વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ કસ્ટમાઇઝ કરી શકાય છે. ઉદાહરણે, પ્રગટ ગણિત પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ પોતાની સગવડાનુસાર સ્તર પસંદ કરી શકે છે, જેના કારણે તેમને માહિતી સારી રીતે સમજાય છે. ઈ-શિક્ષણ, MOOCs, ઓનલાઈન ક્લાસરૂમ, શૈક્ષણિક ગેમ્સ અને એપ્લિકેશન્સ જેવા નવનિર્મિત સાધનો શૈક્ષણિક ક્ષેત્રમાં વ્યાપક બન્યા છે. ડિજિટલ માધ્યમોના પરિણામો અંગે અનેક

વૈજ્ઞાનિક સંશોધન અને રિપોર્ટો ઉપલબ્ધ છે . એક અભ્યાસમાં રજૂ કરવામાં આવ્યું છે કે ઇન્ટરનેટ સંચાર અને શૈક્ષણિક સેવાઓ વિસ્તરે છે, માહિતી વિનિમય ઝડપી બન્યો છે, અને વિદ્યાર્થીઓ માહિતીને ઝડપથી શોધી અને વિશ્લેષણ કરી શકે છે આજના યુવાનો જે gen-z તરીકે પ્રચલિત છે આ Gen Z માહિતી ઝડપથી પ્રાપ્તિ અને પ્રક્રિયા ખૂબ મહત્વ ધરાવે છે. નવી પેઢી (Gen Z) ને ડિજિટલ જનરેશન ગણવામાં આવે છે, કારણ કે તેમને શૈશવાવસ્થાથી જ ઇન્ટરનેટ અને સ્માર્ટડિવાઇસનો લાભ મળવાથી તેની સાથે ગાઢ પરિચય કેળવાયેલો છે. ડિજિટલ મીડિયાથી વિશ્વના કોઈપણ ખૂણે બેઠેલો વિદ્યાર્થી વિશ્વના કોઈપણ ખૂણામાંથી કોઇની પણ પાસે જ્ઞાન, વિદ્યા કે કૌશલ્ય પ્રાપ્ત કરી શકે છે. આજના સમયમાં સરળ, સહજ, ઝડપી અને અસરકારક શિક્ષણનું કોઈ માધ્યમ કોઈ હોય તો તે છે, ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ. ડિજિટલ મીડિયા શિક્ષણમાં વિસ્તાર, વિશાળતા,આધુનિકતા અને વૈશ્વિકતા લાવનાર શક્તિશાળીસાધન છે. પરંતુ તેનો ઉપયોગ વિવેકપૂર્વક અને સંતુલિત રીતે કરવો જેથી શિક્ષણની મૂળભૂત મૂલ્યપ્રણાલી તથા ઉદ્દેશ્ય જળવાઈ રહે.

**ડિજિટલ મીડિયાનો સાહિત્ય ઉપર પ્રભાવ:**

આ જગતમાં માનવીનું સર્જન જ્યારથી થયું છે ત્યારથી તેની સ્વાભાવિક વૃત્તિ રહી છે કે તે સૌંદર્યનું ઉપાસક હોવાને નાતે તે કળા સાથે જોડાયેલો હતો. અને આ કળા પ્રવૃત્તિ થકી તે જીવનનો આનંદ માણી શકતો હતો. આવી કળાવિશ્વમાં સાહિત્યકલાનો પણ સમાવેશ થતો હોવાથી માનવી પહેલેથી જ વેદો,ઉપનિષદો, પુરાણો,રામાયણ ,મહાભારત, લોકસાહિત્ય,વગેરેનું ભાવન કરતો આવ્યો, તે થકી સાહિત્યનું સર્જન પણ કરતો થયો. આ સાહિત્યકળાનું સર્જન સમાજ કેન્દ્રી અને સાહિત્યમાં પણ સમાજનું આલેખન જોવા મળતું હતું. એટલે જ કહેવાતું કે સાહિત્ય અને સમાજ બંને એકબીજાના પૂરક છે. આ બંનેયને માનવજીવન સાથે ગાઢ સંબંધ રહ્યો છે. સમાજમાં આવતા પરિવર્તનો સાહિત્યમાં નજરે પડતાં અને એટલે સાહિત્ય પણ સમયે સમયે બદલવા થતો રહેતો. પ્રાચીનકાળથી આજદિન સુધી અનેક ક્રાંતિકારી પરિબળોએ માનવજીવનને પ્રભાવિત કર્યું છે. જેની અસર સાહિત્યે પણ ઝીલી છે. આવા સાંપ્રત સમયના સશક્ત પરિબળ તરીકે આપણે ડિજિટલ મીડિયાને મૂકી શકીએ જેણે માનવજીવન અને

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

સાહિત્ય ઉપર ખૂબ જ વ્યાપક અને ગાઢ પ્રભાવ પડ્યો છે. ડિજિટલ મીડિયાની શિક્ષણ ઉપર જેટલી અને જેવી અસર છે તેવી જ સાહિત્ય ઉપર પણ અસર જોવા મળે છે. હા, આ બંનેની અસરમાં કેટલાક તફાવત પણ જોવા મળે છે.

ડિજિટલ મીડિયાના સાહિત્ય ઉપરના પ્રભાવ વાત કરીએ તો સાહિત્યના સ્વરૂપ,સર્જન,પ્રચાર– પ્રસાર, અભિવ્યક્તિની કળા, ભાષા, પદ્ધતિ, અને ભાવન, વિવેચન, અનુવાદ, વગેરે ક્ષેત્રેમાં જોવા મળે છે. આ દરેક બાબતે આપણે કઈ કેટલાય પરિવર્તનો દેખાશે. ડિજિટલ મીડિયાએ સાહિત્ય સાથે અનોખો સંબંધ પ્રસ્થાપિત કર્યો છે ડિજિટલ મીડિયાએ સાહિત્ય માટે અનેક શક્યતાઓ અને વિશાળ માધ્યમ પૂરું પાડ્યું છે.ડિજિટલ મીડિયાએ સાહિત્યને નવી દિશા, નવી ઝડપ, નવી ઊંચાઈ પ્રદાન કરી છે. સાહિત્ય હવે પુસ્તકાલયની દિવાલોમાં સીમિત નથી,પરંતુ મોબાઈલ સ્ક્રીન પર પણ જીવતું થયું છે. આ બદલાવને આપણે એક સર્જનાત્મક ક્રાંતિ તરીકે જોઈ શકીએ. પહેલા જે સાહિત્ય માત્ર હસ્તપ્રતો,પુસ્તકો,સામયિક, દૈનિકવર્તમાનપત્ર,પત્રિકાઓ પર આધારિત હતું, તે આજે ડિજિટલ પ્લેટફોર્મ અને મલ્ટી મીડિયા ટેક્નોલોજીના પ્રભાવ હેઠળ નવા પરિણામો પ્રાપ્ત કરી રહ્યું છે. એટલે કે સાહિત્યના પ્રસાર અને પ્રાપ્તિમાં પરિવર્તન જેમકે, પ્રિન્ટથી સ્ક્રીન સુધીની યાત્રાની વાત કરીએ તો આજે સાહિત્ય ઈ–બુક, pdf, kindle, googlebooks જેવા માધ્યમો દ્વારા સરળતાથી ઉપલબ્ધ છે. વાંચનનો વિસ્તાર થયો છે. આ ડિજિટલ મીડિયાની ક્રાંતિણે કારણે ગામડાંથી લઈને વિશ્વના ખૂણેખાંચરે સાહિત્ય પહોચ્યું છે. સોશિયલ મીડિયા અને બ્લૉગ્સ થકી લેખક પોતાનું સાહિત્ય સીધું જ વાચક સુધી પંહોચાડી શકાય છે. હવે પ્રકાશન સંસ્થાઓની જરૂરિયાત રહેતી નથી. સાહિત્ય સર્જનની વાત કરીએ તો તેમાં,ઓનલાઈનબ્લૉગ્સ, વેબસાઈટ્સ, વોટ્સએપકથાઓ, ટ્વીટર માઇક્રોફિક્શન,જેવી નવી શૈલીઓ વિકસી છે. તો આ સાથે ઇન્ટરએક્ટિવ સાહિત્ય જેમાં કેટલીક વાર્તાઓ અને નવલકથાઓ Hypertex Fiction રૂપે રચાય છે, જેમાં વાચક પોતે માર્ગ પસંદ કરે છે. આ ઉપરાંત વાત કરીએ તો મલ્ટીમીડિયા સાહિત્ય જેમાં મુખ્યત્વે માત્ર લખાણ એકલું જ નહીં, પરંતુ ચિત્રો,ઓડિયો અને વિડીયો સાથેનું સાહિત્ય (જેમકે ડિજિટલ કવિતા) લોકપ્રિય બન્યું છે. સાહિત્યના સ્વરૂપમાં પણ ઘણો બદલાવ આવ્યો છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

સાહિત્યમાં લાઘવ અને ઝડપ સદર્ભે. એટલે સોશિયલ મીડિયાના લખાણો નાના અને ઝડપી હોવાને કારણે "માઈક્રો લિટરેચર" (માઈક્રો સ્ટોરી, કવિતા, મુક્તક, શાયરીઓ) જેવા સ્વરૂપો આજે વધુ વિકસ્યા છે. આ સિવાય જોઈએ તો Unicode અને ટ્રાન્સલેશન ટૂલ્સના કારણે કોઈપણ સાહિત્ય કોઈ પણ ભાષામાં વૈશ્વિકસ્તરે પ્રાપ્ત થઈ શકે છે. લેખક અને વાચકના સંબંધમાં પણ બદલાવ થયો છે એટલે કે, Facebook,Instagram, YouTube, Whatsaap,પર લેખકો વાચકો સાથે ત્વરિત ચર્ચા કરી શકે છે. સાહિત્ય હવે માત્ર નામી લેખકોનું નહીં, પરંતુ સા માન્ય વ્યક્તિનું પણ બની ગયું છે. આ ઘટનાઓથી સાહિત્ય વધુ સારી રીતે યુવાનો સુધી પહોંચે છે વાંચન અનુકૂળતા પણ ઊભી થયેલી જોઈ શકાય છે જેમકે, ઈ–બુક્સ અને ઑનલાઇન ગ્રંથાલય દ્વારા સાહિત્ય લોકો સુધી સરળતાથી ઉપલબ્ધ થાય છે. આગામી કોરોના–કાળમાં પણ ઓનલાઈન પુસ્તક વિભાગો ભારતમાં લોકપ્રિય બન્યા, અને ગુજરાતમાં પણ માતૃભારતી જેવી વેબસાઈટ પર હજારો ગુજરાતી પુસ્તકો ડિજિટલ સ્વરૂપમાં વાંચવા માટે ઉપલબ્ધ છે. આ સુવિધાઓને કારણે લાખો વાંચકો સરળતાથી નવા સાહિત્ય અને સાહિત્યચર્ચા સુધી પહોંચ્યા છે.આ ડિજિટલ મીડિયાની ઉપલબ્ધિ છે.

**ડિજિટલ મીડિયા અને ગુજરાતી સાહિત્ય :**

ગુજરાતી સાહિત્ય ઉપર પણ ડિજિટલ મીડિયાનો વ્યાપક પ્રભાવ થઈ રહ્યો છે. જેને કારણે ગુજરાતી સાહિત્ય વૈશ્વિક સ્તરે પહોંચ્યું છે. ઉપરાંત તેના અનુવાદો પણ થતાં રહે છે. તેથી બીજા ભાષાના ભાવકો પણ ગુજરાતી સાહિત્યનો પણ આસ્વાદ માણી શકે છે. નવા યુવાન લેખકો પણ ડિજિટલ મીડિયાના માધ્યમ થકી ગુજરાતી સાહિત્યનું સર્જન કરી રહ્યાં છે. ગુજરાતીમાં અનેક લેખકો બ્લોગ્સ, ઈ–મેગેઝિન મારફતે લખે છે. WhatsApp અને Facebook ગ્રુપમાં લઘુકથાઓ, હાઈકુ, 'માઈક્રો કવિતા' ખૂબ પ્રચાર પામી છે યુવાપેઢી ડિજિટલ માધ્યમથી નવલકથા નહીં, પણ લઘુકથા, ટૂંકીવાર્તા, તરફ વધુ આકર્ષાઈ રહી છે. "વોટ્સએપ સાહિત્ય" અથવા "ઈ–પોથી સંસ્કૃતિ" એ ગુજરાતી સાહિત્યમાં નવા પ્રયોગો રજૂ કર્યા છે.

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**પડકારો અને સમસ્યાઓ :**

ડિજિટલ મીડિયાના જેટલા લાભો તેમ તેના ગેરલાભ પણ છે જ. જેમાં સૌ પ્રથમ ગુણવત્તાનો પ્રશ્ન છે. કોઈપણ વ્યક્તિ તરત જ પ્રકાશિત કરી શકે છે, તેથી ઘણીવાર સાહિત્યની ગુણવત્તા ઘટે છે.આ ઉપરાંત ઉઠાંતરીતની ઘટના વધારે બને છે. આ સાથે ઊંડું વાંચન ઘટીને 'સ્કેન રીડિંગ' વધ્યું છે. સંશોધન અને અભ્યાસોથી જાણવા મળે છે કે, ઈન્ટરનેટનો વધારે ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓની ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઘટાડી શકે છે.તેમની મૌલિક રીતે બૌદ્ધિક,તાર્કિક અને વિચાર કરવાની ક્ષમતા અને સજ્ઞતા પણ નબળી પડી રહી છે.

**ઉપસંહાર:**

ડિજિટલ મીડિયાનો શિક્ષણ અને સાહિત્ય ઉપર પ્રભાવ ખૂબ જ દેખાય રહ્યો છે. જાણે –અજાણે પણ આજના માનવજીવનમાં દરેક ક્ષેત્રે આ અસર વર્તાઇ રહી છે. ત્યારે શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રે જો આ ડિજિટલ મીડિયાનો યોગ્ય અને વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો સમગ્ર માનવજાતિ અને શિક્ષણ અને સાહિત્ય માટે તે આશીર્વાદ સમાન બની રહે, તેમજ સર્વના હિત માટે લાભદાયી નીવડે પરંતુ તેનો દુરુપયોગ કરવામાં આવે અથવા નકારાત્મક અભિગમથી ઉપયોગ કરવામાં આવે તો તેના ગંભીર પરિણામો પણ ભોગવા પડે.માટે તેનો સદુપયોગ માનવના કલ્યાણ માટે થવો અનિવાર્ય છે.

**સંદર્ભગ્રંથ સૂચિ:**

૧. ડૉ. નયન દેસાઇ, 'ગુજરાતી સાહિત્ય અને ડિજિટલ યુગ', પ્રગતિ પ્રકાશ, અમદાવાદ.

૨. ડૉ. શૈલેષ ઠાકર, ' ગુજરાતી સાહિત્યનો નવો યુગ: ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા,' આર્ય પ્રકાશન,, રાજકોટ

૩. ડૉ. બી. એન. વ્યાસ, ' શિક્ષણ અને મીડિયા',યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

૪. ડૉ. રમેશ પટેલ ' ડિજિટલ યુગમાં શિક્ષણ',આનંદ પ્રકાશન,અમદાવાદ.

૫. ડૉ. કિરીટ દેસાઇ, ' ગુજરાતી ભાષા અને મીડિયા અભ્યાસ', સેતુ પ્રકાશન, વડોદરા.